ગાંધીનગર સમાચાર

| ગાંધીનગર તાપમાન | |
|---|---|
| મહત્તમ | ૩૩.૫ ડીગ્રી |
| લઘુતમ | ૨૬.૦ ડીગ્રી |
| ભેજ | સવારે ૮૭ ટકા ● સાંજે ૬૫ ટકા |

# શ્રાવણમાં ફરાળી શાહી ચાટનું આગમન

ગાંધીનગર, તા.૧૨

પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે બજારમાં પણ વિવિધ ફરાળી વાનગીઓનું આગમન થઈ ગયું છે. જેમાં ફરાળી સુકા નાસ્તા, ફરાળી ગરમાગરમ, ફરાળીચાટ, સ્વીટ અને ફરાળી પ્લેટરનો સમાવેશ થાય છે. ત્યારે સ્વાદના શોખીન શિવભકતો પણ ફરાળી વાનગીઓનો ટેસ્ટ કરવાનું ભુલતા નથી. ત્યારે વેપારીઓ પણ ગ્રાહકોને ધ્યાને રાખીને કંઈક નવી ફરાળી વાનગી બનાવવાની તૈયારીમાં લાગી જાય છે. આ વર્ષે બજારમાં ફરાળી શાહી ચાટ સાથે ફરાળી ડ્રાય સમોસા, મસાલા પુરી, અને શક્કર પારાનો સમાવેશ થાય છે.

શ્રાવણ માસમાં ઉપવાસીઓ અનાજધાન્યથી બનેલી કોઈપણ ચીજવસ્તુઓ ખાતા નથી અથવા એક ટાણું કરે છે. જેના કારણે ઉપવાસીઓ ભુખ ભાંગવા ફરાળી વાનગીઓ આરોગે છે. ફરાળી વાનગીઓ પણ હવે અવનવી આઈટમો બજારમાં આવી જતા ઉપવાસીઓ માટે અનેક વિકલ્પ મળી રહેવા પામે છે. અગાઉના સમયમાં માત્ર ઘરમાં જ બનતી કેટલીક આંગળીના વેઢે ગણાય તેટલી જ ફરાળી વાનગીઓ ઉપલબ્ધ હતી. પરંતુ હવે ઉપવાસીઓ માટે દરેક પ્રકારની ફેન્સી વાનગીઓનું ફરાળી સ્વરુપ બનાવવા વેપારીઓ પણ ઉત્સુક બન્યા છે. આ કારણે બજારમાં આલુ ટીક્કી, આલુ ચાટ, લીલીભેળ, બાસ્કેટ ચાટ, ચેવડા ચાટ, દહીંવડા, અને શાહી ચાટ જેવી વાનગીઓ પણ ફરાળી સ્વરુપમાં મળી રહી છે. આ ઉપરાંત ફરાળી સ્વીટમાં રસમલાઈ, રબડી, બાસુંદી, લસ્સી અને રસગુલ્લા પણ બજારમાં ઉપલબ્ધ છે. જયારે ફરાળી ફરસાણમાં બફવડા, રતાળુ રોલ, સાબુદાણા પેટીસ, લીલા નાળીયેરની પેટીસ, પનીર પેટીસ, પાત્રા, ખીચડી, સુકી ભાજી, પફ અને પીઝાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભકતો માટે ફરાળી થાળી ઉપલબ્ધ છે જેમાં ત્રણ થેપલા, સુકી ભાજી, ખીચડી, બફવડા, અને એક સ્વીટનો સમાવેશ થાય છે. બજારમાં ફરાળી વાનગીઓમાં રૂ. ૫૦ થી લઈને ૩૦૦ સુધીના ભાવે ચીજવસ્તુઓ વેચાણમાં મળી રહી છે જેના કારણે શ્રાવણના ઉપવાસીઓના ઉપવાસ પણ હવે સ્વાદીસ્ટ બની જવા પામ્યા છે.





## @ગાંધીનગર

- ● રુદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા સે. ૩-સી પ્લોટ નં. ૫૦૭/૨ રાજેન્દ્ર મહેતાના નિવાસસ્થાને સવારે ૮.૩૦ કલાકે લઘુરુદ્રાભિષેક યોજાશે.
- ● સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૩ દ્વારા શિવઆરાધના પૂજા પાઠ કેતનકુમાર પંડ્યા કે-૧૪ ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.
- ● સે. ૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે સ્ટેશનરીના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

## આદર્શ નિવાસી અ.જા. શાળા (કન્યા) ખાતે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા સ્ત્રીસશક્તિકરણ વ્યાખ્યાન યોજાયું



### જ્યારે ચિંતાનું સર્કલ મોટું થાય ત્યારે ક્ષમતાનું સર્કલ મોટું કરો : મમતાબેન રાવલ

ગાંધીનગર, તા.૧૨

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા સ્ત્રીસશક્તિકરણ પખવાડીયા નિમિત્તે આદર્શ નિવાસી અ.જા. શાળા (કન્યા), સે. ૮ ખાતે સ્ત્રીસશક્તિકરણ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. શાળાના આચાર્યાશ્રી જ્યોતિબેન રાવલ દ્વારા આવકાર પ્રવચન આપવામાં આવેલ.

કાર્યક્રમના મુખ્ય વકતા શ્રીમતી મમતાબેન એન. રાવલ દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને સશક્તિકરણની પરિભાષા સરળ ભાષામાં સમજાવી હતી. તેઓએ કહ્યું કે સ્ત્રીઓને પોતાની જાતને નબળી માનવાની જરૂર નથી. આત્મવિશ્વાસ વધારવો અને પુરુષના સમોવડીયા બનવા કરતા પોતાની જાતને આગળ વધારતા રહેવું. તેઓએ હંમેશા નવું શીખતા કહેવાની સાથે વિદ્યાર્થીનીઓને શીખ આપતા કહ્યું કે જ્યારે ચિંતાનું સર્કલ મોટું થાય ત્યારે ક્ષમતાનું સર્કલ મોટું કરો અને હર હંમેશ ચેલેન્જનો સ્વીકાર કરવાની ક્ષમતા વિકસાવવા જણાવ્યું. શ્રીમતી મમતાબેને વિવિધ ટૂચકાઓ, ઉદાહરણો અને એકસરસાઈઝ દ્વારા વિદ્યાર્થીઓને સરળ ભાષામાં, મનોરંજનની સાથે સાથે સ્ત્રી સશક્તિકરણની મહત્વતા સમજાવી હતી.

અન્ય વકતા સુશ્રી જયશ્રીબેન ખેતિયાએ વિદ્યાર્થીનીઓને મન તેમજ શરીરથી મજબૂત બનવા જણાવેલ તેઓએ મન અને શરીરને સશક્ત કરવા માટેના અનેક ઉપાયો બતાવ્યા હતા. સુશ્રી જયશ્રીબેને વિદ્યાર્થીનીઓને સ્પર્શની ભાષા સમજવા માટે હાકલ કરી હતી.

કાર્યક્રમને અંતે વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ સાધનાર વિદ્યાર્થીનીઓ અને શિક્ષકગણને શાળા દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહેમાનોને પણ પુસ્તક આપી આવકારવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ કેપિટલના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, સેક્રેટરી શ્રી પાર્થ ઠક્કર, પાસ્ટ પ્રેસી. શ્રી મનોજભાઈ સરૈયા સહિત આદર્શ નિવાસી અ.જા. શાળા પરિવારના સદસ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

## શિહોલી ગામમાં ડમ્પરનું હાઈડ્રોલિક વીજ વાયરને અડકી જતાં એકનું મૃત્યુ

### ડમ્પરમાંથી રેતી ઠાલવવા હાઈડ્રોલિક ઊંચુ કર્યુ ને ઉપરથી પસાર થતાં જીવંત વીજ વાયરને અડકી જતાં શોર્ટ સર્કિટ થયુંઃ શ્રમિકનું મૃત્યુ : કરંટથી ડમ્પરનુ ટાયર પણ સળગી ગયુંઃ ડ્રાઈવર ફરાર

ગાંધીનગર,તા.૧૨

ચિલોડા નજીક આવેલા શિહોલી ગામમાં ગઈકાલે સાંજે રેતી ભરેલી ડમ્પરમાંથી રેતી ખાલી કરવા હાઈડ્રોલિક ઉંચુ કરવામાં આવ્યું ત્યારે ઉપરથી પસાર થતાં જીવંત વીજ વાયર સાથે હાઈડ્રોલિક ટચ થઈ જતા અકસ્માત સર્જાયો હતો. શોર્ટ સર્કિટ થતા રેતી ઠાલવવા આવેલો શ્રમિક કરંટ લાગતા ચોંટી ગયો હતો અને સ્થળ પર જ તેનું કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ કરંટથી ડમ્પરનું ટાયર પણ સળગી ઊઠ્યું હતું. ઘટના બાદ બેદરકાર ડ્રાઈવર ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

ચિલોડા માં રહેતા મહેન્દ્રભાઈ નરોત્તમભાઈ પટેલની ફરિયાદ મુજબ ચિલોડા પોલીસે આઈવા ટ્રક નંબર જીજે ૧૮ એ.યુ ૯૧૨૩નાં ડ્રાઈવર સામે ચિલોડા પોલીસે ગુનો નોંધ્યો છે. મીલેટરી કેમ્પસમાંથી રેતી ભરીને આ ડમ્પરચાલક ૨૨ વર્ષીય શ્રમિક હરીશ ઉર્ફે પ્રેમશંકર રાવજીભાઈ પારગીને રેતી ચલાવવા માટે સાથે લઈ ગયો હતો. મીલેટરી કેમ્પસમાંથી રેતી ભરીને શિહોલી ગામની સીમમાં સર્વે નંબર ૫૭૨ વાળા ખેતરમાં આ રેતી ઠાલવવાની હતી. આ ખેતરમાં જઈને રેતી ઠાલવવા માટે ડ્રાઈવરે હાઈડ્રોલિક ઊંચું કર્યુ ત્યારે ઉપરથી પસાર થતાં હાઈ વોલ્ટેજ જીવંત વીજ વાયરને હાઈડ્રોલિક અટકી ગયું હતું અને શોર્ટ સર્કિટ થતા રેતી કાઢવા ડમ્પર પર ચઢેલા શ્રમિક હરેશ ઉર્ફે પ્રેમશંકરને વીજ કરંટ લાગ્યો હતો. આર્મી કેમ્પમાં રહેતો આ શ્રમિક હરેશ ચોંટી જતા મોતને ભેટી ગયો હતો. તો બીજી તરફ આશા છે કે થી ડમ્પરના આગળનું ટાયર પણ સળગી ઊઠ્યું હતું.



આ ઘટનાથી ડઘાઈ ગયેલા બેદરકાર ડ્રાઈવરે સ્થળ પરથી દોટ મૂકી હતી અને રફુચક્કર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ચિલોડા પોલીસ ઉપરાંત આસપાસના ગ્રામજનો પણ સ્થળ પર દોડી આવ્યા હતા. ચિલોડા પોલીસે મહેન્દ્રભાઈ પટેલની ફરિયાદના આધારે ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

## મગોડી ગામના આધેડે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો

### બે વર્ષથી પત્નીના મૃત્યુના આઘાતમાં હતા બોરકુવા ઉપર ઈયળ મારવાની દવા પી લીધી

ગાંધીનગર,તા.૧૨

ચિલોડા નજીક આવેલા મગોડી ગામ માં રહેતા આધેડે ગઈકાલે સાંજે બોર કૂવા ઉપર ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બે વર્ષ પહેલા તેમની પત્નીનુ મૃત્યુ થયું હતું. પત્નીનું મૃત્યુ થયું ત્યારથી તેઓ આઘાતમાં સરી ગયેલા હતા. ગઈસાંજે બોરકુવા પર ઈયળ મારવાની દવા ગટગટાવી લઈ આધેડે મોતને વ્હાલુ કરી દીધું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ મગોડી ગામ માં ગણપતભાઈ પટેલના બોરકુવા ઉપર રહેતા ૫૫ વર્ષીય નવલસિંહ કાળિયાસિંહ નાયકના પત્નીનું બે વર્ષ પહેલાં બિમારીથી મૃત્યુ નીપજ્યું હતું. જયારથી પત્નીનું મૃત્યુ ત્યારથી નવલસિંહ બેચેન રહેતા હતા. પત્નીના મૃત્યુના આઘાતમાં સરી પડેલા નવલસિંહે ગઈકાલે સાંજે પોતાના બે જુવાનજોધ સંતાનોનો વિચાર કર્યા વગર આપઘાત કરી લેવાનું મનોમન વિચારી લીધું હતું. સાંજે સાડા આઠ વાગ્યાના અરસામાં તેઓ બોરકુવા પર એકલા હતા ત્યારે તેમણે ઈયળ મારવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તાત્કાલિક તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે મોડી રાત્રે તેમને શ્વાસ છોડી દીધો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજયું હતું. ચિલોડા પોલીસને ઘટનાની જાણ થતા એ.એસ.આઈ કાંતિભાઈ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી પરિવારજનોના નિવેદન લેવાનું શરૂ કર્યું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં તેમણે પત્નીના વિરહમાં આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. જો કે તે દિશામાં વધુ તપાસ ચાલી રહી છે.

## શ્રી સરસ્વતી માધ્યમિક વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓને પરિણામલક્ષી માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૧૨

શ્રી સરસ્વતી માધ્યમિક વિદ્યામંદિરના કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ સમક્ષ હકારાત્મક વિકાસ માટે, સદૃષ્ટાંત હસ્તાક્ષર સુધારણા અને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃતમાં રોહિતભાઈ બી જોષી દ્વારા પરિણામલક્ષી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

રોહિતભાઈનું સ્વાગત જગદીશભાઈ પટેલ દ્વારા અને આભાર દર્શન આચાર્ય પંકજભાઈ ચુડાસમા દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું હતું.

## આજે કોંગ્રેસની મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા શક્તિ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાના આગેવાનોની આજે એક મહત્વની બેઠક બોલાવવામાં આવી છે. બપોરે ૧૨.૩૦ વાગે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં આ બેઠક મળશે તેમ કોંગ્રેસની એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

## સુરતની વિદ્યાર્થીનીઓ દેશના જવાનોની રક્ષા માટે આઠ હજાર રાખડીઓ મોકલશે

સુરત,તા.૧૨

દેશ પર કોઈ પણ આપત્તિ આવી પડે તે માટે સૈન્યનાં જવાનો હંમેશાં ખડેપગે દેશની સેવા બજાવવા તૈયાર જ હોય છે. ત્યારે સરહદ પર રહેલા દેશનાં સૈનિકો દુર્ગમ પરિસ્થિતિમાં પણ ફરજ બજાવતાં હોય છે. ત્યારે આ સૈનિકોની રક્ષા માટે સુરતની વિદ્યાર્થીનીઓએ રાખડીઓ અને ગ્રીટિંગ્સ કાર્ડ તૈયાર કર્યા છે. જે તેમને પોસ્ટ મારફતે પહોંચાડવામાં આવશે. દેશની રક્ષા કરનાર જવાનોની રક્ષા માટે સુરતનાં ગોડાદરા વિસ્તારમાં આવેલી જ્ઞાનજ્યોત વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ૮ હજાર જેટલી રાખડીઓ અને ગ્રીટિંગ્સ કાર્ડ તૈયાર કર્યા છે. જે દેશની સરહદ પર રક્ષા કરતા જવાનોની લાંબા આયુષ્ય માટે મોકલવામાં આવશે. આ વિદ્યાર્થીનીઓએ શાળામાં અભ્યાસ કર્યા બાદ સૈનિકો માટે આ રાખડીઓ બનાવી છે.

## એસ. વી. સ્કૂલમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં આગામી સ્વાતંત્રદિનને અનુલક્ષીને આજ રોજ 'નેશનલ લીડર ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોસ, રાની લક્ષ્મીબાઈ, જવાહરલાલ નેહરૂ વગેરેના વસ્ત્રોમાં સજ્જ થઈને આવ્યા હતા. તેઓએ અલગ અલગ નેશનલ લીડર વિષે નાનકડી સ્પીચ પણ આપી હતી. વાલીઓએ બાળકો સાથે જાતજાતના પોસ્ટર,ચાર્ટ વગેરે મોકલાવ્યા હતા. અંતમાં, સૌએ 'ગાંધીબાપુ અમર રહો' તથા 'વંદે માતરમ' એવા નારા લગાવી, શાળાના વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું. સમગ્ર કાર્યક્રમ શિક્ષિકા કુંતલ શુક્લની આગેવાની હેઠળ અને પ્રિન્સિપાલ જીજ્ઞા દર્પણ બુચના માર્ગદર્શન નીચે સંપન્ન થયો હતો.






ઈન્ડિયન ઈસ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા પોતાની સ્થાપનાના દસ વર્ષની તાજેતરમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કેડિલા હેલ્થકેર લિ.ના ચેરમેન પંકજ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે પોતાના પ્રવચનમાં દેશના વિકાસ માટે ઈનોવેશન્સ અને રિસર્ચની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સંસ્થાના ડિરેક્ટર પ્રૉ. સુધીર જૈન દ્વારા દસ વર્ષની શિક્ષણ અને પ્રવૃત્તિની યાત્રાને વાગોળતાં સંસ્થાને સામાજિક પરિવર્તનની મિસાલ બનાવવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# એ ભાઈ, જરા દેખ કે ચલો, આગે સ્પીડબ્રેકર હૈ..!!!




ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં રાજ્યભરમાં છેલ્લાં કેટલાક દિવસથી અમદાવાદ ટ્રાફિક પોલીસ કમિશ્નરે શહેરમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા તેમજ આડેધડ નડતરરૂપ વાહન પાર્કિંગ કરનારા વાહનચાલકો પર લાલ આંખ કરી કડક કાર્યવાહી કરવાની બાબત દબાણ હટાવ ઝુંબેશ સાથે જ ચર્ચાસ્પદ બની છે અને મોટાભાગના નાગરિકોએ આ કાર્યવાહીને આવકારી પણ છે. આપણા દેશમાં કાયદાની ઉપેક્ષા બાબતે લગભગ દરેક સમસ્યામાં કાયદો પાલન કરાવનારા અને પાલન કરનાર બંને પક્ષે બેદરકારી જવાબદાર છે. જેમ કે આપણા માર્ગો પર સલામતી માટે બનાવવામાં આવેલા સ્પીડ બ્રેકર્સ વધુ પડતા હોવા માટે વાહનચાલકોની યોગ્ય સ્પીડ પ્રત્યેની બેદરકારી જવાબદાર છે તેજ રીતે આ સ્પીડ બ્રેકર્સની બનાવટ અયોગ્ય અને જોખમી બનવા પાછળ તંત્રની બેદરકારી પણ એટલી જ જવાબદાર છે.



**માર્ગો પર જ્યાં ને ત્યાં અયોગ્ય સાઈઝના સ્પીડબ્રેકર્સ અનેક અકસ્માતો ઉપરાંત વાહનચાલકોની કમરના દુઃખાવા માટે જવાબદાર : વાહનચાલકોએ પણ શહેરી વિસ્તાર કે હાઈવે હોય ક્યાં કેટલી સ્પીડે વાહન ચલાવવું તેનો વિવેક કેળવવો અત્યંત જરૂરી**

ભારત એ વિશ્વમાં અમેરિકા પછી સૌથી વધુ રોડ લંબાઈ ધરાવતું રાષ્ટ્ર છે અને કદાચ વિશ્વમાં સૌથી વધુ અણઘડ સ્પીડબ્રેકર્સ બનાવવામાં નં. ૧ હશે. તદ્દન ખોટી સાઈઝ, ખોટી ઊંચાઈ કે ખોટી ડિઝાઈન જ નહીં પરંતુ ખોટી જગ્યાએ સ્પીડ બ્રેકર્સ બનાવીને આપણે યુવા પેઢીની 'કમર ભાંગી' રહ્યાં છીએ તેની આ સ્પીડબ્રેકર્સ બનાવનારને ખબર સુદ્ધાં નથી હોતી. તમે વાહન લઈને નીકળો એટલે રોડ પર ક્યારે કોઈ પણ સૂચના વગર 'બમ્પ' આવી જશે તે ખબર જ ના પડે, અરે, આ 'બમ્પ' પર કોઈપણ જાતના રિફલેક્ટર્સ કે સફેદ-કાળા પટ્ટા પણ ના હોય કે જેથી તમે તેને રાત્રિના સમયે જોઈ શકો. કોઈપણ સડક હોય પછી તે ગામડાની હોય કે શહેરની, જિલ્લાનો રોડ હોય કે નેશનલ હાઈવે દરેક જગ્યાએ તમને અલગ અલગ ડિઝાઈનના, અલગ અલગ ઊંચાઈના અને અલગ અલગ પહોળાઈ ધરાવતા સ્પીડબ્રેકર્સ જોવા મળશે જાણે કે આ માટે કોઈ એક સામાન્ય ધારાધોરણ જ ના હોય. ઘણા સ્પીડબ્રેકર્સ તો એટલા ઊંચા હોય

● અનુસંધાન પાન-૭ પર

## ચિરવિદાય

- ● સ્વ. સંતોકબેન શંકરલાલ શ્રીમાળી, ઉ.વ. ૭૬
- ● સ્વ. ભરતકુમાર ઈશ્વરલાલ જોશી, ઉ.વ. ૫૭
- ● સ્વ. જોમાબેન જવાભાઈ ઠાકોર, ઉ.વ. ૧૧૦

ટચુકડી જાહેર ખબર દર રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧